**ફો.પ.અ.નં.૫૪/૨૦૨૬ ના કામે અરજદાર મુકેશભાઈ જીવનભાઈ લુણાગરિયાનાઓની બેંકમાં ફ્રીઝ થયેલ રકમ મુકત/રિફંડ કરવા માટે બી.એન.એસ.એસ. ની કલમ – ૪૯૭, ૫૦૩ ની અરજી લગત હુકમ**

---

(૧) હાલની અરજી અરજદાર મુકેશભાઈ જીવનભાઈ લુણાગરિયાનાઓએ સાયબર ક્રાઈમ પોલીસમાં HDFC બેન્કના ખાતા નં./ક્રેડિટ કાર્ડ નં. ૨૬૪૪૧૫૩૦૦૦૧૫૫૧ માંથી કુલ રૂ.૩,૬૬,૧૫૦/– ઉપડી ગયેલ હતા જે બાબતે તા.૦૯/૦૭/૨૦૨૫ ના રોજ સાયબર ક્રાઈમ હેલ્પ લાઈન નં. ૧૯૩૦ ઉપર ફોન કરીને ફરિયાદ નોંધાવેલ હતી. ત્યાર બાદ ફરિયાદની રકમ બાબતે સાઈબર ક્રાઈમ દ્વારા સામાવાળાનાઓના નીચે જણાવ્યા મુજબના ખાતાઓ બી.એન.એસ.એસ.ની કલમ–૧૦૬ મુજબ ફ્રીઝ કરાવેલ હતા.

| ક્રમ નં. | બેંકનુ નામ | ખાતા નં. | રકમ રૂ. |
|---|---|---|---|
| 1. | Indian Bank (including Allahabad Bank) | 7272363123 | 3270/- |
| 2. | State Bank of India | 34342561635 | 4000/- |

આમ, ઉપર જણાવ્યા મુજબનાં બેંક ખાતામાં હાલ સુધી બેંકમાં જેમના તેમ પડી રહેલ છે અને અરજદારને પરત મળેલ નથી. સદર ગુન્હા બાબતે એફ.આઈ.આર. થયેલ નથી. જેથી અરજદારને આર્થિક નુકશાન થયેલ છે. જેથી અરજદારે ઉપરોક્ત રકમ મેળવવા હાલની અરજી કરેલ છે. અરજદાર તરીકે તેઓની અરજીના સમર્થનમાં ઓળખનો પુરાવો અને પાસબુક તથા બેંક સ્ટેટમેન્ટ તથા કેન્સલ ચેક તથા લાઈટ બિલ રજૂ કરેલ છે.

(૨) સદર અરજી આવતા તપાસ કરનાર અમલદારને અભિપ્રાય રજુ કરવા યાદી કરેલ. તપાસ કરનાર અધિકારીએ અરજદારની ફરિયાદના અધારે સાયબર ક્રાઈમ સેલ સી.આઈ.ડી. દ્વારા અરજદારના ઉપરોક્ત

ખાતામાંથી ગયેલ નાણાં પૈકી સામાવાળાનો શંકાસ્પદ ખાતામાં કુલ રકમ રૂ.૭,૨૭૦/- બી.એન.એસ.એસ. ની કલમ-૧૦૬ મુજબ ફ્રીઝ કરાવેલ છે. તેમજ સદર બેંક ખાતા શંકાસ્પદ હોવાનું જણાઈ આવેલ છે અને સદરહું ખાતુ સીઝ કર્યા બાદ ખાતેદાર કે અન્ય કોઈ વ્યક્તિ સીઝ કર્યા બાબત તેમના સમક્ષ પોલીસમાં કોઈ વાંધા તકરાર જણાવેલ નથી, જેથી તે રૂપીયા અરજદારને પાછા આપવા અભિપ્રાય આપેલ છે.

(૩) અરજદર તરફે તેઓના વિ.વ.શ્રી દ્વારા તેઓની અરજી પ્રમાણે દલીલ કરવામાં આવેલ હોય પુનરાવર્તન કરવામાં આવેલ નથી. જયારે વિ.એ.પી.પી.શ્રી દ્વારા મુદ્દામાલ અરજી ગ્રાન્ટ કરવામાં આવે તો કોઇ વાંધો ન હોવાનો શેરો કરેલ છે.

(૪) સદરહું મુદ્દામાલ રકમ સંબંધે અરજદાર સિવાય અન્ય કોઈ ક્લેઈમ કરેલ નથી. તેમજ મુદ્દામાલ રોકડ રકમ છે, જો વધુ સમય બિનવપરાશી બેંક ખાતામાં પડી રહે તો અરજદારને આર્થિક નુકશાની સહન કરવી પડે તેમ છે. સદરહું ગુન્હા બાબતે એફ.આઈ.આર. નોંધાયેલ નથી. તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય વંચાણે લેતાં અરજદારની રકમ સામાવાળાનાં ખાતામાં ફ્રીઝ થયેલ છે. જેથી મુદ્દામાલ રોકડ રકમ નીચેની શરતોને આધિન અરજદારને સોંપવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય તેમ છે, આથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

- અરજદારની અરજી આથી મંજુર કરવામાં આવે છે.
- તપાસ કરનાર અમલદારે અરજદારની ફરિયાદના કામે ફ્રીઝ કરવામાં આવેલ રકમ રૂ.૭,૨૭૦/- છે તે અરજદારના HDFC બેન્કના ખાતા નં. ૨૬૪૪૧૫૩૦૦૦૧૫૫૧ માં જમા કરાવવી.

**-:: શરતો ::-**

- અરજદારે મુદ્દામાલ રોકડ રકમ તપાસ કરનાર અમલદાર જયારે ફરમાવે ત્યારે સંબંધિત પો.સ્ટે.માં રજુ રાખવાની રહેશે.
- હુકમની જાણ સંબંધિત પોલીસ સ્ટેશનને યાદી કરવી.

**સદરહુ હુકમ આજરોજ તારીખઃ૧૧, માહેઃમાર્ચ, સનેઃ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.**

**તારીખઃ ૧૧/૦૩/૨૦૨૬.**
**મુકામઃ ઉપલેટા.**

**(દેવલ યજ્ઞેશ્વર પટેલ)**
**જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,**
**ઉપલેટા.**
**UIC-GJ**01515